# આવાં કેટલાં તાંડવ ગુજરાતના લમણે લખાયાં છે?

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

રાજકોટ અગ્નિકાંડથી કોનું કાળજું નહીં દાઝ્યું હોય? મોરબીના ઝૂલતા પુલની વિભીષિકાએ કોનું હૈયું નહીં હચમચાવી દીધું હોય? કોરોના કાળ દરમિયાન અમદાવાદની હોસ્પિટલમાં લાગેલી આગમાં બીમારીમાંથી બેઠાં થઈ ગણતરીના કલાકોમાં ઘરે જવાનું સપનું સેવનારાં દર્દી મિનિટોમાં ભડથું થઈ ગયાં હતાં. સવારે તો એમને ડિસ્ચાર્જ કરવાનાં હતાં પણ સવાર પડે એ પહેલાં જિંદગીની સાંજ પડી ગઈ હતી. આવું તો વારંવાર થતું રહે છે અને જ્યારે થાય છે ત્યારે લાયબંબાથી લઈ એમ્બ્યુલન્સો અને સરકારી અધિકારીઓની ગાડીઓ એકસામટી ખડકાઈ જાય છે. પ્રધાનો કાચી ઊંઘમાંથી ઊઠીને ઘટના સ્થળે પહોંચી જઈ ફોટા પડાવે છે, કરુણા સભર ભાષામાં નિવેદન લખાવે છે, ઉગ્ર સ્વરે આવી કરુણાંતિકા માટે જવાબદાર મોટો ચમરબંધી હશે તો પણ એને છોડીશું નહીં એવી પ્રતિજ્ઞા કરે છે. મુખ્યમંત્રી સ્થળ પર દોડી જાય છે. ધારાસભ્ય હસતા મોઢે ચર્ચા કરે છે એની પણ નોંધ લેવાય છે. વળતરની રકમ જાહેર કરવામાં આવે છે. દિલ્હીથી શોક સંદેશો આવે છે. વિશેષ વળતર પણ જાહેર થાય છે. વિપક્ષ જવાબદાર વ્યક્તિઓને ફાંસીની સજા ફટકારવામાં આવે એવાં નિવેદન લખાવે છે. ટૂંકમાં ઘણું બધું બહુ જ ટૂંકા ગાળામાં બની જાય છે અને પછી લાંબા ગાળે સમૂળગું વિસરાઈ પણ જાય છે. આખરે મરનારના ઘર સિવાય કોઈને એવું કશુંક બનેલું એવું યાદ પણ રહેતું હશે કે કેમ તે પ્રશ્ન છે.

સવાલ વિકાસ સાથે જોડિયા ભાઈની જેમ અવતરતા વિનાશનો છે. અગાઉ કોઈ ગેમઝોન હતા કે નહીં એ વિશે આપણે સુવિદિત ન પણ હોઈએ. રાજા રજવાડાઓ પ્રજાની સુખાકારી અને મનોરંજન માટે પણ રમતગમતનાં મેદાનો અને પરંપરાગત લોકમેળાઓની વ્યવસ્થા કરતા હતા. દિલ્હીમાં રેસકોર્સ રોડ પર અત્યારે પ્રધાનોના બંગલા છે. વડાપ્રધાનના નિવાસસ્થાનનું સરનામું જ ગઈ કાલ સુધી 7-રેસકોર્સ રોડ હતું. હવે એનું નામ બદલીને જનકલ્યાણ માર્ગ રખાયું છે. રાજકોટમાં પણ રેસ કોર્સનું મેદાન છે. મનોરંજન માનવીને પ્રસન્ન રાખે છે. એ જીવનની એક અનિવાર્ય જરૂરિયાત છે. પણ એ જ વસુંધરાનાં વ્હાલાંદવલાં માટે મોતનો કૂવો કે લાક્ષાગૃહ બની જાય ત્યારે એવું લાગે કે આના કરતાં આપણા પૂર્વજો મોઈ દાંડિયા જેવી ઘર આંગણે કે ફળિયામાં રમી શકાય એવી દેશી રમતો રમતા એ વધારે સારું હતું. એમાં ક્યારેય કોઈ આગ નહોતી લાગતી. ક્રિકેટ અને હોકી ખુલ્લા મેદાનમાં રમાતી વૈશ્વિક રમતો છે. એમાં આવી દુર્ઘટનાઓ નથી થતી. ગેમઝોન બનાવી સરકાર પ્રાઈવેટ પાર્ટીઓને પધરાવી દે છે અને સંચાલક સમુદાય એને કમાણીનાં કેન્દ્રોમાં ફેરવી દે છે. જીવન સામે જોખમ સરજાય તો હેમખેમ ઉગારી શકે એવી અનિવાર્ય સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં તેની પણ કાળજી લેવાતી નથી. પ્રજા પાસે થોડો પૈસો આવે છે એટલે એ પરિવાર સાથે વાપરવા નીકળી પડે છે. હમણાં હમણાં લોકો પાસે એક યા બીજા રસ્તે પૈસા પણ આવતા થયા છે. પગાર વધ્યા છે. બે નંબરની આવક મેળવી લેવાનો કોઈ છોછ નથી રહ્યો. સાદગી અને કરકસર વાળી જીવન શૈલી માળિયામાં મુકાઈ ગઈ છે. બાળકો તો અંબાણીનાં હોય કે દાડીએ જતા મજૂરનાં, એ વેકેશનમાં હરવાફરવા જવાની જીદ કરે જ: એ એમની પ્રકૃતિ છે. મધ્યમ વર્ગના લોકો માટે આવા ગેમઝોન સપરિવાર મોજ માણવાની જગ્યાઓ બની જાય એ પણ એટલું જ સ્વાભાવિક છે. ઘરેથી સસ્તી સ્કીમનો લહાવો લૂંટવા નીકળ્યાં હશે ત્યારે હરખઘેલાં વાલીઓ થોડાં આવું પણ બની શકે એવી દહેશત અનુભવતાં હશે? એ તો ફુલ મૂડમાં હશે. બાળકો ઉત્સાહથી ઊછળતાં હશે. એમને તો રંગીલા રાજકોટની આગવી ઓળખ જેવી જિંદગી જીવવાનો ઉમળકો ચડ્યો હોય. સામેની જિંદગી ફક્ત ત્રીસ સેકંડમાં ભસ્મીભૂત થઈ જશે એવી કલ્પના તો ધાર્મિક કથાઓમાં સાંભળવા મળેલું શિવજીનું ત્રીજું નેત્ર જ કરી શકે. વિકાસના નવા અવતારમાં એવી ભયાનક સંહારક શક્તિ પ્રગટી છે. બળીને કોલસો થઈ ગયેલાં બાળકોના મૃતદેહોને ઓળખવા માટે એમનાં ડીએનએ માબાપનાં ડીએનએ સેમ્પલ સાથે રાજધાનીની ફોરેન્સિક લેબમાં મેચ કરવાં પડે એવો વિકાસ થયો છે. આ તે હિચકોકની હોરર ફિલ્મનું કાલ્પનિક દૃશ્ય છે કે ખરેખર એવું બન્યું છે? જૂની પેઢીના વડીલોને આવી શંકા થાય તો નવાઈ નહીં. આપણે કૂદકે ને ભૂસકે રાતોરાત અમેરિકા બની જવું છે. પણ સબૂર! અમેરિકામાં આવી દુર્ઘટનાઓ કલ્પી પણ શકાય એમ છે? ત્યાં એકસાથે કોઈ છેવાડાની કાઉન્ટીમાં આપણી ઐતિહાસિક રાજધાનીમાં બની ગઈ એવી સામૂહિક શિશુ સંહારક ઘટના બની શકે ખરી? સુરત, વડોદરા, અમદાવાદ કે રાજકોટ જેવી આગની જ્વાળાઓ એ દેશના માસૂમોને ભરખી ગઈ હોય એવું યાદ આવે છે ખરું? એવું તે શું છે કે ત્યાં અવારનવાર આવતાં પ્રાકૃતિક વાવાઝોડાં કે છેલબટાઉ નીગ્રો સમુદાયની લૂંટવાની ઘટનાઓ સિવાય સરકારી કે ખાનગી ઉપક્રમોમાં લગભગ ક્યારેય આવી દર્દનાક ઘટના નથી બનતી? એવું ત્યાં શું છે કે આપણું ક્રીમ અહીંથી વહેલી તકે ભાગી ત્યાં કરિયર બનાવવા આતુર રહે છે? ત્યાં પણ સરકાર છે, મ્યુનિસિપલ કોર્પોરેશન છે. એના કોઈ પદાધિકારીઓ અને અધિકારીઓ આપણા નમૂનાઓ જેવા કરપ્ટ કેમ નથી? એના નાગરિકો ટેક્સ ચોરી કરે છે ખરા? ત્યાંના પોલીસને આપણા પોલીસ જેવી ઉપરની આવક છે ખરી? એ તો ઓબામાને પણ અટકાવે છે અને ટ્રમ્પ કે બાઈડનના દીકરાને પણ પકડે છે. અહીં આપણા અભણ મંત્રી કે એના પીએ સાથે વાત સુધ્ધાં કરવાની હિંમત છે કોઈ IPS કે IAS અધિકારીમાં? કદાચ અપવાદ રૂપે કોઈમાં હશે તો એને જરૂર કોઈ ખૂણામાં બેસાડી દીધો હશે.



**ગેમઝોન બનાવી સરકાર પ્રાઈવેટ પાર્ટીઓને પધરાવી દે છે અને સંચાલક સમુદાય એને કમાણીનાં કેન્દ્રોમાં ફેરવી દે છે. જીવન સામે જોખમ સરજાય તો હેમખેમ ઉગારી શકે એવી અનિવાર્ય સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં તેની પણ કાળજી લેવાતી નથી**

ખાટલે મોટી ખોડ હોય તો એ છે આપણી નઘરોળ સ્વકેન્દ્રી માનસિકતા. આપણે આપણા સિવાય બીજા કોઈની ચિંતા કરતા જ નથી. એની ઈર્ષા જરૂર કરીએ છીએ. આપણને ભ્રષ્ટાચાર કોઠે પડી ગયો છે. ઈંદિરા ગાંધીએ ક્યારેક કહેલું એમ એ યુનિવર્સલ ફિનોમેના છે. હશે, પણ એમાં આપણે જગદ ગુરુ પદ પર આરૂઢ થયેલા છીએ. આપણા દેશમાં સત્તાધીશો કદી ભ્રષ્ટાચાર કરતા જ નથી! ભ્રષ્ટાચાર ફક્ત સત્તાની સામે રહેનારા લોકો કરે છે!!! આવી દુર્ઘટનાઓની તપાસ માટે SIT રચાય છે. આખરે તો તપાસ કરનારા પણ સરકારી અધિકારીઓ જ હોય છે. અદાલત સુઓમોટો નોંધ લે છે પણ ગુનેગારોને બાઈજ્જત છોડાવવા લાખોની ફી વાળા ધારાશાસ્ત્રીઓ તૈયાર જ બેઠા હોય છે. અત્યાર સુધીની આવી ઘટનાઓમાં કોઈનો વાળ પણ વાંકો થયો નથી.

અનુસંધાન પાના નં. 3 પર...




# જર્મનીમાં ઈસ્લામિક રાષ્ટ્ર માટેની માગણી!

**અબીલ ગુલાલ**
જયવંત પંડ્યા

સમાચાર આમ તો જૂના છે, પરંતુ ભારતનાં મીડિયામાં ઉપેક્ષિત છે, તેથી નવા જ છે. જર્મનીમાં 28 એપ્રિલે સપ્તાહાંતમાં શેરીઓમાં મુસ્લિમોની વિરાટ ભીડ ઉમટી પડી. તેમની માગણી હતી કે જર્મનીને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવામાં આવે. હેમ્બર્ગમાં એક હજારથી વધુ મુસ્લિમોએ 'સરમુખત્યારવાદી મૂલ્યો'નો અંત લાવવા તેઓ માગણી કરી રહ્યા હતા. તેમની પાસે ઈસ્લામિક કટ્ટરવાદના સમર્થનમાં પાટિયાં હતાં. આ રેલી 'મુસ્લિમ ઈન્ટરેક્ટિવ' નામના એક સમૂહે યોજી હતી. તેમણે માગણી કરી હતી કે 'અમારી સમસ્યાનું એક જ સમાધાન છે- ખલિફાત એટલે કે ખલીફાનું શાસન'.

હવે પ્રશ્ન એ થાય કે જર્મનીમાં અચાનક એવું શું બન્યું કે મુસ્લિમો તેને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવા માગણી કરવા લાગ્યા? તો તેનો ઉત્તર એ છે કે આના માટે ઘણા લોકો ચેતવતા આવ્યા છે કે પહેલાં મુસ્લિમો આશ્રય માગીને દેશમાં પ્રવેશે છે અને પછી ધીમેધીમે મસ્જિદ-મદરેસા માટે માગણી કરે છે, તે પછી તેમનો સ્થાનિક લોકો સાથે સંઘર્ષ થાય છે. સરકાર જો કાર્યવાહી કરે તો તેને 'ઈસ્લામોફોબિયા' ગણવામાં આવે છે. આ લોકો જ્યાંથી આવે છે ત્યાં લોકતંત્ર હોતું નથી, પરંતુ જ્યાં જાય છે ત્યાં હોય છે. એટલે લોકતંત્રનો લાભ ઉઠાવી તેઓ પોતાના મતના બદલામાં ઈસ્લામિક શાસન સ્થાપવા માગણી કરવા લાગે છે.

જર્મનીમાં કૉલોન (cologne), ફ્રેન્કફર્ટ, હેમ્બર્ગ, સ્ટગર્ટ વગેરે અનેક શહેરોમાં વર્ષ 2015માં નવા વર્ષની પૂર્વ સંધ્યા એટલે કે 31 ડિસેમ્બરે ઉજવણી થઈ ત્યારે આરબ અથવા ઉત્તર આફ્રિકી મુસ્લિમ શરણાર્થીઓએ અંદાજે 1200 યુવતીઓ-મહિલાઓ પર બળાત્કાર અને જાતીય આક્રમણો કર્યાં હતાં. ત્યાર પછી જર્મનીમાં મહિલાઓ સુરક્ષિત રહી નથી. તેમના કાર્યક્રમો ચુસ્ત સુરક્ષા વચ્ચે યોજવા પડે છે. આની પાછળ જર્મનીનાં તે સમયનાં રાષ્ટ્રપ્રમુખ એન્જેલા મેર્કેલની ઉદારવાદી નીતિ જવાબદાર ગણાય છે.

જર્મનીની પ્રજા મુસ્લિમો પ્રત્યે ઘૃણા ધરાવતી નથી. તેઓ તેની સાથે શાંતિપૂર્ણ રીતે સહઅસ્તિત્વમાં રહેવા માગે છે. ફ્રાન્સમાં મુસ્લિમોની વસતિ 10% છે જ્યારે જર્મનીમાં 0.6% છે. ફ્રાન્સે અલ્જીરિયા, મોરોક્કો અને ટ્યુનિશિયા સહિતના દેશો પર આક્રમણ કરી તેમને પોતાના દાસ બનાવ્યા હતા. એટલે મુસ્લિમોને ફ્રાન્સ પ્રત્યે ઘૃણા હોય તો હજુ પણ સમજાય પરંતુ જર્મનીએ આવું કંઈ કર્યું નથી, તો પછી જર્મની અને જર્મનો પ્રત્યે આટલી ઘૃણા કેમ?

**ફ્રાન્સની જેમ જર્મનીએ ઈસ્લામિક દેશો પર આક્રમણ કરી તેમને પોતાના દાસ બનાવ્યા નથી તો પછી જર્મનીમાં મુસ્લિમો ઈસ્લામિક રાષ્ટ્રની માગણી કેમ કરી રહ્યા છે તે પ્રશ્નથી જર્મનીઓ મૂંઝાયા છે**

ફ્રાન્સના મુક્ત વિચારસરણીના ગણાતા પેરિસમાં 'શાર્લી હેબ્દો' સામયિકમાં ઈસ્લામ વિરોધી કાર્ટૂનના નામે ત્યાં હિંસા થઈ હતી. તાજેતરમાં એક મુસ્લિમ કિશોર બેફામ કાર ચલાવતો હતો. ત્યાં આવી રીતે હત્યાને ઈસ્લામી આંતકવાદનું કૃત્ય તરીક જોવામાં આવે છે. તેથી તે કિશોરને પોલીસની ચેતવણી છતાં તે ન માનતાં તેને ઠાર મરાયો, તે પછી મોટા પાયે મુસ્લિમોએ હિંસા કરી હતી.

આવું જર્મનીમાં નથી. ત્યાં રેલી યોજનાર મુસ્લિમ સંગઠન 'મુસ્લિમ ઈન્ટરેક્ટિવ'એ અપીલ કરી હતી કે 'જૂઠા લોકોની આજ્ઞા ન માનશો.' ત્યાં ટોળાને આપેલા પ્રવચનમાં તેના નેતા જો અડાડે બૉએટેંગે કહ્યું હતું કે "મીડિયા અને રાજકીય સમાજમાં મુસ્લિમોને ભયજનક લોકો તરીકે ચિતરવામાં આવે છે જે સમાજને વિભાજિત કરવા માગે છે."

અલ્લાહૂ અકબરના સૂત્રોચ્ચાર વચ્ચે બીજા એક વક્તાએ ચેતવણી આપી હતી કે 'સૂતેલો સિંહ જાગી ગયો છે' અને 'પત્તાં ઉલટસૂલટ થઈ રહ્યાં છે' અને 'જે લોકો મુસ્લિમોને ટેકો નહીં આપે તેમને જવાબદેહી ઠરાવાશે'. એટલું જ નહીં, તેમણે કહ્યું હતું કે "આજે મુસ્લિમો શત્રુ છે, કાલે તમે હશો.' આપણે ત્યાં જેમ મુસ્લિમોની કટ્ટરતાને અવગણવાની પ્રથા છે તેમ જર્મનીની એઆરડી નામની સરકારી ટીવી ચેનલે આ રેલીના સમાચાર બતાવવાના બદલે અમેરિકાની યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ દ્વારા પેલેસ્ટાઈન તરફી દેખાવો થતા હતા તે બતાવતાં લોકોએ તેની ટીકા કરી હતી.

અગાઉ જર્મનીનાં મહિલા ગૃહ પ્રધાન નેન્સી ફૈઝરે કહ્યું હતું કે 'જર્મનીમાં મુસ્લિમ વિરોધી હિંસા થાય છે." પરંતુ આ રેલી પછી જર્મનીનાં મહિલા ગૃહ પ્રધાન નેન્સી ફૈઝરની આંખ ઉઘડી ગઈ હતી અને તેમણે માત્ર એટલું જ કહેવાનું બાકી રાખ્યું હતું કે "તેઓ જ્યાંથી આવ્યા છે ત્યાં તેમને પાછા મોકલી દો." તેમણે કહ્યું હતું કે "જે લોકો જર્મનીમાં ખલિફાત ઇચ્છે છે તેમનું અહીં કોઈ ઘર નથી અને ભવિષ્ય નથી." તેમણે એમ પણ કહી દીધું કે "હમાસ માટે ત્રાસવાદી પ્રચાર નહીં ચાલે, યહૂદીઓ વિરોધી ઘૃણાજનક ભાષણ નહીં આપી શકાય. જો આ પ્રકારના અપરાધો થશે તો વિરોધ પ્રદર્શનો પર તડાપીટ બોલાવાશે."

જર્મનીના ઉપ વડા પ્રધાન (વાઈસ ચાન્સેલર) અને નાણાં પ્રધાન રૉબર્ટ હેબેકે કહ્યું હતું કે "આ પ્રદર્શન બંધારણ સંમત નથી."

જાણકારો એમ પણ કહે છે કે જર્મનીમાં મુસ્લિમો દ્વારા ઈસ્લામિક રાષ્ટ્રની માગણી કરનારા બહારથી આવેલા મુસ્લિમો નથી, તેઓ જર્મનીમાં જન્મેલા જ છે. જોકે એ સ્પષ્ટ નથી થયું કે તેઓ ક્યારથી જર્મનીમાં વસે છે. આ પછી, જર્મનીના વડા પ્રધાન (ચાન્સેલર) ઓલાફ સ્કૉલ્ઝે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથે પેરિસમાં ગુપ્ત બેઠક કરી હતી. આ બેઠક એટલી ગુપ્ત હતી કે માત્ર તેમની પત્નીઓ અને જર્મનીના રાજકીય સંવાદદાતા હંસ વૉન ડેર બર્ચાર્ડને જ તેની જાણ હતી.

દરમિયાનમાં, ચીનમાં વિઘુર (Uyghurનો ઉચ્ચાર વિઘુર કરાય છે) મુસ્લિમો પર અત્યાચારો થઈ રહ્યા છે તેના વધુ સમાચાર 28 મેએ આવ્યા હતા. યુકેની સ્કાય ન્યૂઝ ચેનલ પ્રમાણે, ચીનમાં મસ્જિદો તોડી પડાય છે, ઈસ્લામિક પોશાક પર પ્રતિબંધ છે અને ઈસ્લામિક લખાણોને સેન્સર કરાય છે. ત્યાં એક પણ મસ્જિદ હવે બચી નથી. પાકિસ્તાનમાં આના જબરા પ્રત્યાઘાત પડ્યા છે. પાકિસ્તાનની યુટ્યૂબર સનાના પ્રશ્ન પર પાકિસ્તાની નાગરિક ગજનફરે કહ્યું કે જો આવું ભારતમાં થયું હોત તો મુલ્લાઓએ દેકારો મચાવી દીધો હોત. પરંતુ આ ચીન છે, જ્યાં કોઈ વિરોધ ચાલતો નથી. હૉલિવૂડ કે બૉલિવૂડના કલાકારો, જેઓ અત્યારે પેલેસ્ટાઈનના પક્ષમાં 'ઑલ આઈઝ ઑન રાફા' ટ્રેન્ડ ચલાવી રહ્યા છે તેઓ પણ ચીનમાં મુસ્લિમો પર થતા અત્યાચારો મુદ્દે ચૂપ છે.

# કાળો કોશી ખરેખર જ કોટવાળ છે, બહાદુરી તેના મિજાજમાં છે

**પ્રવીણ સરવૈયા**

સાંજને ટાણે વીજળીના તાર પર વારેવારે ઊડીને પાછું એ જ જગ્યાએ બેસતું કાળું પક્ષી તમે જોયું હશે. એનું નામ કાળો કોશી. શરીર એનું બુલબુલ જેવડું જ છે પણ લાંબી અને ઊંડી ખાંચાવાળી પૂંછડીને લીધે એ જરા પાતળી કાયાવાળું દેખાય છે. ચાંચથી પૂંછડી સુધી આખો ચળકતો કાળો રંગ. કોઈક વખત ચાંચના મૂળમાં બેય બાજુ આછાં ટપકાં દેખાય છે.

એને ઝાડની ટોચ, સુકાયેલાં ઊંચાં ઠૂંઠાં કે વીજળીના થાંભલા પર બેસવું બહુ ગમે. જીવડાં પકડવા એ પોતાની બેઠક પરથી ઊડીને જાતજાતની ગુલાંટો અને લોંકી ખાતો હવામાં તરતો જોવા મળશે. હવામાં ઊડતાં વાણિયા, ફૂદાં, નાના કીટકોને તે ખાય છે. વળી, એ ઘણી વાર બીજાં પક્ષીઓને લૂંટીને પણ જીવડાં પડાવી જાય છે! એ ખૂબ બહાદુર પક્ષી છે. ઘણી વાર પોતાનાથી મોટા પક્ષીનો ખોરાક પણ એ પડાવી લે છે. એથી જ આ પંખીના માળાની પડખે હોલા અને પીળક જેવાં નરમ સ્વભાવનાં પંખીઓ માળો બનાવે છે. કાગડો, સમડી કે બાજ એના માળાની બાજુમાં ફરકે તો કોશીની જોડી એને ચાંચ મારીમારીને ભગાડી મૂકે છે! આત્મરક્ષણ માટે બહાદુરી અને હિંમત કાળા કોશી પાસેથી શીખવા જેવી છે.

એ ઘણી વાર ચરતા ઢોરની પીઠ પર સવાર થાય છે. ઢોરના હલનચલનથી તેના શરીરે બેઠેલાં જીવડાં ઊડે કે કાળો કોશી એને આરામથી પકડી ખાય છે. જંગલમાં ઝીણી જીવાતોનો રાફડો ફાટ્યો હોય ત્યાં કાળા કોશી મોટી સંખ્યામાં એકઠા થાય છે. ખેતરોમાં પણ કાળો કોશી અચૂક જોવા મળે. એ ખેતીને નુકસાનકારક ઉપદ્રવી જીવાતોને ખાઈને ખેતીના પાકને બચાવવામાં મદદરૂપ થાય છે, એથી ખેડૂતનો એ મિત્ર ગણાય છે. આમ જોઈએ તો કાળા કોશીને ગાયક પંખી ન કહેવાય. એ વહેલી પરોઢે ચીકુ, ચીકુ એવો અવાજ કરીને બોલે છે ત્યારે એ આપણને સારો ગાયક લાગે છે પરંતુ પ્રજનનની ઋતુમાં એ જાતજાતના ઘોંઘાટ કરે છે. એ ચૈત્રથી શ્રાવણ માસની વચ્ચે ઝાડની ઊંચી ડાળીમાં માળો બાંધે છે. ઝીણી ડાખળીઓ, ઘાસ, રેસા અને કરોળિયાનાં જાળાંનો બનાવેલો માળો નાના વાટકા જેવો લાગે. એમાં એ ત્રણથી પાંચ ધોળાં, રાતાં ટપકાંવાળાં ઈંડાં મૂકે છે. એ પોતાના માળાનું દિલોજાનથી રક્ષણ કરે છે.

**પંખીઓના આકાર પરથી વૈજ્ઞાનિકોએ વિમાનોના આકાર બનાવ્યા. કાળા કોશીનો આકાર વિમાનને મળતો આવે છે. એની પૂંછડીમાં ખાંચ છે અને પૂંછડીમાં સુકાનનું કામ કરતાં લાંબાં પીંછાં છેડેથી વળાંક લે છે. કાળો કોશી એટલે ટચૂકડું વિમાન જોઈ લો**



કાળા કોશીની બીજી જાતો પણ આપણે ત્યાં છે. જેમાં, આપણે જેનો પરિચય લઈ રહ્યાં છીએ એ કાળો કોશી (Black Drongo) સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. ભીમરાજ (Greater Racket - tailed Drongo) દક્ષિણ ગુજરાતનાં જંગલોમાં વસે છે. આ પ્રભાવશાળી કોશીના માથાં પર કલગી છે અને તેની વિશેષ પ્રકારની પૂંછડીની બંને બાજુથી એક એક પીંછું એકાદ ફૂટ જેટલું લંબાઈને મોરપીંછની આંખની જેમ ફેલાઈ જાય છે. જ્યારે ચળકતા કોશી - વલયપૂંછ કોશી (Hair-crested Drongo) ની દક્ષિણ ગુજરાતનાં જંગલોમાં રેર હાજરી જોવા મળેલ છે. તો રાખોડી કોશી (Ashy Drongo) કચ્છના ઉત્તર ભાગ સિવાય સમગ્ર ગુજરાતમાં શિયાળુ મુલાકાતી તરીકે પોતાની હાજરી પુરાવી જાય છે. એ રાતી માણેક જેવી આંખો ધરાવે છે. તેમ જ સફેદપેટ કોશી (White-bellied Drongo) કચ્છ સિવાય સમગ્ર ગુજરાતમાં જ્યાં વાંસનાં ઝુંડ હોય તેવા પાંખા જંગલવિસ્તારમાં દેખાય છે. શ્વેતપેટ કોશીના પેટનો નીચેનો ભાગ અને પૂંછડી નીચેનાં પીંછાં સફેદ હોય છે. વળી, એના કાળા રંગમાં જાંબલી ચમક છે. તે કદમાં થોડો નાનો હોય છે.

આ સિવાય પક્ષી નિરીક્ષકોએ જેની રેર ઑફ ધ રેર કેસ તરીકે નોંધ લીધી છે એ કાંસાવર્ણો કોશી (Bronzed Drongo) દક્ષિણ ગુજરાતનાં જંગલોમાં અને મધ્ય ગુજરાતમાં નોંધાયેલ છે. કાળા કોશીની રમત જોવા જેવી હોય છે. એને ખાસ કંઈ ભય ન જણાય તો એ એક જ જગ્યાએ વારંવાર ઊડીને બેસે છે. વળી પકડેલા જીવડાને પગ નીચે દાબી એને ખાઈ ગયા પછી તરત ઉડાન ભરે છે ને પાછો મૂળ હતી એની એ જગ્યાએ બેસે છે.

ઘણી વાર તો આપણે જોનાર થાકી જઈએ પણ એ પોતાની જગ્યા બદલતો નથી. હિન્દી અને મરાઠીમાં એને 'કોટવાલ' કહે છે. આપણે ત્યાં પહેલાં કોટવાળ હતા, જેઓ ગામના ચોકિયાત ગણાતા. કાળો કોશી પોતાના અને બીજાં પંખીના માળાની બરાબર ચોકી કરે છે, તેથી જ કોટવાળ કહેવાયો હશે. આસામમાં એને 'કાકરાજ' કહેવાય છે. કાગડા ઉપર પણ રાજ કરે તે 'કાકરાજ !' પંખીઓના આકાર પરથી વૈજ્ઞાનિકોએ વિમાનોના આકાર બનાવ્યા. કાળા કોશીનો આકાર વિમાનને મળતો આવે છે. એની પૂંછડીમાં ખાંચ છે અને પૂંછડીમાં સુકાનનું કામ કરતાં લાંબાં પીંછાં છેડેથી વળાંક લે છે. કાળો કોશી એટલે ટચૂકડું વિમાન જોઈ લો !